## મહુવાના મહે. એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,મહુવા.

ફો.કે.નં. ૯૫૬/૨૦૨૫

**ફરીયાદી–** શ્રી સરકાર આંક–

વિ.

**આરોપી –** (૧) ગીરીશભાઈ પ્રવિણભાઈ ગૌસ્વામી,
(૨) રાજુભાઈ લખમણભાઈ જોળીયા, (અવસાન)
(૪) મનસુખભાઈ બાલુભાઈ ડાભી,
તમામ રહે. મહુવા, તા.મહુવા, જી.ભાવનગર.

**બાબત : જુગારધારા કલમ–૧૨ મુજબ**

**–:ચુક ાદો:–**

૧. ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

૨. આજરોજ અદાલતમા આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક–૦૪ થી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા નોંધી આંક–૦૫ તથા આંક–૦૬ પ્લી રેકર્ડ કરી આરોપીએ સ્વેચ્છા પુર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

૩. આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કબુલ છે તેમ ઠરાવુ છું અને આરોપીની આર્થિક અને સામાજીક પરિસ્થિતિ ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુનો કરેલ હોય અને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:હુક મ:–**

૧. આરોપીઓને સી. આર. પી. સી. કલમ–૨૫૨ અન્વયે જુગારધારાની કલમ–૧૨ ના ગુન્હામા તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) કુલ રૂા.૨૦૦/– ( અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીવસ – ૧ ની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપી નં.૨ રાજુભાઈ લખમણભાઈ જોળીયા અવસાન પામેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવે છે.

૩. સદરહું કામે આરોપી નં.૩ રવજીભાઈ બચુભાઈ પરમાર નાઓ પુરતી કેસની કાર્યવાહી ચાલુ રાખવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૯/૨૦૨૫
મહુવા.

(એચ.બી.શર્મા)
એડી. ચીફ જ્યુડી.મેજી.મહુવા
કોડ નં.જી.જે.૦૧૧૪૭

એ.એમ.વાળા